# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 23-10-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બ્રિક્સ સંમેલનમાં સભ્ય દેશોને આતંકવાદ અને આતંકી પ્રવૃત્તિઓને ભંડોળ પૂરું પાડનારાઓનો કડકાઈથી સામનો કરવા જણાવ્યું.
2) રશિયાના કઝાનમાં ભારત અને ચીન વચ્ચે પાંચ વર્ષ બાદ થયેલી દ્વિપક્ષીય બેઠકને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખૂબ જ મહત્વની ગણાવી
3) ભારતીય તટરક્ષકે ચક્રવાત “દાના” આવતા પહેલા જાનમાલના નુકસાનથી બચવા માટે વ્યવસ્થા કરી.
4) જર્મન ચાન્સેલર ઑલાફ શૉલ્જ આવતીકાલથી ત્રણ દિવસ ભારતના પ્રવાસે.
5) નવી દિલ્હીમાં રમાયેલી પુરુષ હૉકીમાં જર્મની સામે ભારતનો પરાજય.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM BRICS ADDRESS-*1*

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બ્રિક્સના સભ્ય દેશોને કહ્યું કે, ‘તેઓ સંગઠિત થઈ સહયોગ સાથે આતંકવાદ અને આતંકી પ્રવૃત્તિઓને ભંડોળ પૂરું પાડનારાઓનો કડકાઈથી સામનો કરશે.’ શ્રી મોદીએ કહ્યું, ‘આ ગંભીર મુદ્દા પર બેવડા માપદંડ માટે કોઈ સ્થાન નથી.’ રશિયાના કઝાનમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ**

**આફ્રિકાથી બનેલા બ્રિક્સ શિખર સંમેલનની 16મી આવૃત્તિના સમાપનસત્રને સંબોધતા શ્રી મોદીએ આમ કહ્યું હતું.**

**શ્રી મોદીએ ઉમેર્યું કે, 'યુવાનોને કટ્ટર બનાવતી શક્તિઓને રોકવા માટે સક્રિયતાથી કામ કરવું પડશે.' તેમણે સંયુક્ત રાષ્ટ્રમાં વિચારણા હેઠળ રહેલા આંતરરાષ્ટ્રીય આતંકવાદ પર વ્યાપક સમજૂતીના મુદ્દા પર કામ કરવાનું પણ આહ્વાન કર્યું હતું. શ્રી મોદીએ સાયબર સલામતી અને કૃત્રિમ બુદ્ધિમત્તા એટલે કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજેન્સને સલામત બનાવવા માટે વૈશ્વિક દિશાનિર્દેશ પર કામ કરવા પર પણ ભાર મૂક્યો હતો.**

**શ્રી મોદીએ કહ્યું કે, 'ફુગાવાને નિયત્રણમાં લાવવું અને ખાદ્ય સલામતી સુનિશ્ચિત કરવા તથા ઊર્જા, આરોગ્ય અને પાણી જેવા વિષય દરેક દેશ માટે પ્રાથમિકતાના મુદ્દા છે.'**

## PM BRICS ADDRESS*-2*

બ્રિક્સ સંમેલન દરમિયાન શ્રી મોદીએ ઉમેર્યું કે, બ્રિક્સ એ વિશ્વની 40 ટકા વસતિ અને લગભગ 30 ટકા અર્થવ્યવસ્થાનું પ્રતિનિધિત્વ કરે છે અને છેલ્લા 2 દાયકામાં સંગઠને નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે.

પ્રધાનમંત્રીએ સંબોધનમાં વર્ષ 2022માં શરૂ કરાયેલા બ્રિક્સ રસી સંશોધન અને વિકાસ કેન્દ્રનો ઉલ્લેખ કરતા કહ્યું કે, આ કેન્દ્ર દરેક દેશમાં આરોગ્ય સુરક્ષા મજબૂત કરી રહ્યું છે.

(બાઈટ – પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી – ડિજિટલ હેલ્થ)

શ્રી મોદીએ કહ્યું, હરિયાળા વિકાસ અને પ્રતિકૂળ આબોહવાની પરિસ્થિતિને પહોંચી વળવા માટે આધારભૂત ઢાંચો તૈયાર કરવું એ ભારતની પ્રાથમિકતા છે.

(બાઈટ – પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી – ક્લાઈમેટ)

## PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવાર 27 ઑક્ટોબરે આકાશવાણી પરથી "મન કી બાત" કાર્યક્રમમાં દેશવિદેશના નાગરિકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 115મી આવૃત્તિ હશે. શ્રોતાઓ ટૉલ ફ્રી નંબર 1800—11—7800 પર કાર્યક્રમ માટેના પોતાના મંતવ્ય મોકલી શકે છે. ઉપરાંત માયગૉવ અને નમો એપ પર પણ મંતવ્ય મોકલી શકાશે.

કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનના તમામ નેટવર્ક પર કરાશે. "મન કી બાત" કાર્યક્રમ આકાશવાણી સમાચારની વેબસાઈટ અને ન્યૂઝ ઑન એ.આઈ.આર. એપ પર પણ ઉપલબ્ધ રહેશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પર પણ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

## GADKARI WORLD CONGRESS

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ દેશના વાર્ષિક બળતણ આયાતમાં ઝડપથી ઘટાડો લાવવા પર ભાર મૂક્યો હતો. વર્તમાન સમયમાં દર વર્ષે 22 લાખ કરોડ રૂપિયાના બળતણની આયાત કરાય છે. નવી દિલ્હીમાં આજે એન્જિનિયરીંગ મેનેજમેન્ટ પર યોજાયેલા 18મા વૈશ્વિક સંમેલનને સંબોધતા શ્રી ગડકરીએ કહ્યું કે, ટેક્નૉલોજી ભારતને 50 ખર્વ ડૉલરની અર્થવ્યવસ્થા બનાવવાના પ્રધાનમંત્રીના સ્વપ્નને પૂર્ણ કરવામાં અસરકારક માધ્યમ છે. તેમણે આવશ્યકતા આધારિત સંશોધન પર પણ ભાર આપ્યો હતો.

## REV PM MODI JINPING MEET

રશિયાના કઝાનમાં ભારત અને ચીન વચ્ચે પાંચ વર્ષ બાદ થયેલી દ્વિપક્ષીય બેઠકને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઘણી મહત્વની ગણાવી હતી. પ્રધાનમંત્રીએ કહ્યું કે, બંને દેશના સંબંધોનું મહત્વ આપણા લોકો માટે તો છે જ, પરંતુ

વૈશ્વિક શાંતિ, સ્થિરતા અને પ્રગતિ માટે પણ આ સંબંધ મહત્વના છે. પ્રધાનમંત્રીએ છેલ્લા ચાર વર્ષમાં સરહદ પાર સર્જાયેલા મુદ્દાઓ પર થયેલી સમજૂતીનું સ્વાગત કર્યું હતું. તેમજ સરહદ પર શાંતિ અને સ્થિરતા જાળવી રાખવાને પ્રધાનમંત્રીએ પ્રાથમિકતા ગણાવી હતી.

પ્રધાનમંત્રીએ ઉમેર્યું કે, પરસ્પર વિશ્વાસ, પરસ્પર આદર અને પરસ્પર સંવેદનશીલતા એ આપણા સંબંધોનો આધાર રહેવા જોઈએ

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

## ICG CYCLONE DANA

ભારતીય તટરક્ષક – **ICG**એ ચક્રવાત “દાના” આવતા પહેલા જાનમાલના નુકસાનથી બચવા માટે વ્યવસ્થા કરી છે. **ICG** સ્થિતિ પર ઝીણવટપૂર્વક નજર રાખી રહી છે. હાલમાં ચક્રવાતના કારણે સર્જાતી ઇમરજન્સી સ્થિતિને પહોંચી વળવાની તૈયારી ચાલી રહી છે.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે, ‘તટરક્ષકે પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં જહાજો, વિમાનો અને દૂરથી સંચાલિત થતા મથકોને માછીમારો અને ખલાસીઓને હવામાન વિભાગની ચેતવણી અને સલામતી સલાહ આપવાનું કામ સોંપ્યું છે. આ ચેતવણી સતત તમામ બોટ સુધી પહોંચાડી તેમને તાત્કાલિક કિનારા પર પરત આવવા અને સલામત જગ્યાઓ પહોંચવા કહેવામાં આવ્યું છે.’ **I.C.G.**એ દરિયામાં કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે પોતાની બોટ અને વિમાનને તહેનાત કર્યા છે.

## FM STATION

માહિતી અને પ્રસારણ મંત્રાલયના વરિષ્ઠ આર્થિક સલાહકાર આર. કે. જેનાએ કહ્યું કે, 'દેશના 234 શહેરોમાં 730 ખાનગી એફ.એમ. રેડિયો ચેનલ શરૂ કરાશે.' ઝારખંડના રાંચીમાં પત્રકારો સાથે સંવાદ કરતા તેમણે જણાવ્યું કે, 'બોકારો, દેવઘર, ધનબાદ, ગિરીડીહ, હજારીબાગ અને મેદિનીનગર એમ છ જિલ્લામાં 19 એફ.એમ. રેડિયો ચેનલ શરૂ કરાશે.'

શ્રી જેનાએ ઉમેર્યું કે, 'એફ.એમ. રેડિયો ચેનલ શરૂ કરવા હરાજી પ્રક્રિયા ચાલી રહી છે. આ માટે અરજી કરવાની છેલ્લી તારીખ 18 નવેમ્બર છે.'

## GERMAN CHANCELLOR INDIA

જર્મન ચાન્સેલર ઑલાફ શૉલ્જ આવતીકાલથી ત્રણ દિવસ ભારતના પ્રવાસે આવશે. તેઓ આ શુક્રવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે સાતમા આંતર-સરકારી પરામર્શ સમૂહની IGCની સહ-અધ્યક્ષતા કરશે. IGC એ સરકારી વ્યવસ્થા છે, જેની હેઠળ બંને પક્ષના મંત્રી પોતપોતાની જવાબદારીવાળા ક્ષેત્રો પર ચર્ચા કરીને તેના નિષ્કર્ષનો અહેવાલ પ્રધાનમંત્રી અને ચાન્સેલરને સુપરત કરે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ચાન્સેલર શૉલ્જ સલામતી સહયોગ, આર્થિક સહયોગ, સતત વિકાસ ભાગીદારી અને વ્યૂહાત્મક ટેક્નૉલોજીના ક્ષેત્રમાં સહયોગ વધારવા પર દ્વિપક્ષીય સંવાદ કરશે. બંને નેતા જર્મનીના વેપારના 18મા એશિયા પ્રશાંત સંમેલનને પણ સંબોધિત કરશે.

## INDIA GERMANY HOCKEY

નવી દિલ્હીના મેજર ધ્યાનચંદ રાષ્ટ્રીય સ્ટેડિયમમાં રમાયેલી પુરુષ હૉકીમાં ભારત જર્મની સામે **0–2**થી હારી ગયું છે. જર્મની તરફથી હેનરિક મર્ટજેન્સે ચોથી મિનિટે અને સુકાની લુકાસ વિન્ડફેડરે **30**મી મિનિટે ગોલ કર્યા હતા. હવે આવતીકાલે શ્રેણીની બીજી મેચ રમાશે.

## DELHI SCHOOL

શિક્ષણ નિયામકની કચેરીએ દિલ્હીની સરકારી આને ખાનગી શાળાઓમાં "દફતરમુક્ત દિવસ" લાગુ કરવા માટે શાળાઓને દિશા-નિર્દેશ જાહેર કર્યા છે. નિર્દેશો હેઠળ ધોરણ 6થી આઠ સુધીના વિદ્યાર્થીઓને એક મહિનામાં 10 દિવસ દફતર વગર શાળાએ આવવાનું કહેવામાં આવ્યું છે. આનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને શીખવાની રીતને સરળ બનાવવાની સાથે તણાવમુક્ત વાતાવરણ આપવાનો છે.

શિક્ષણ નિયામકની કચેરીએ જણાવ્યું કે, આ દિવસ દરમિયાન શાળા વિદ્યાર્થીઓને ઐતિહાસિક સ્મારકો, સાંસ્કૃતિક સ્થળો, શિલ્પ કેન્દ્રો, પ્રવાસન સ્થળો સહિત અનેક સ્થળ પર લઈ જઈ શકે છે. ઉપરાંત કચેરીએ રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ – NCERT દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ની ભલામણો અંતર્ગત આ નિર્દેશ જાહેર કર્યા છે.

## DELHI VOTERS AWARENESS CAMPAIGN

દિલ્હીમાં આગામી વિધાનસભા ચૂંટણી પહેલા લોકોને જાગૃત કરવા માટે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા મતદાર જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. અભિયાન અંતર્ગત મતદારોને ઇલેક્ટ્રોનિક વૉટિંગ મશીન- EVM અને વૉટર વેરિફાઈટ પેપર ઑડિટ ટ્રેલ- VVPATની માહિતી આપવામાં આવી રહી છે.

દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારી પી. કૃષ્ણમૂર્તિએ કહ્યું કે, આ અભિયાન હેઠળ દિલ્હીના તમામ 11 જિલ્લામાં 70 મૉબાઈલ વાન તહેનાત કરવામાં આવી છે. તેના માધ્યમથી નાગરિકોને મતદાન પ્રક્રિયા અને મશીનોને પ્રત્યક્ષ અનુભવ કરાવવામાં આવી રહ્યો છે.